Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૮૫૬૪૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા. ૦૮/૦૯/૨૦૨૩

૨/- સામેલ પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારું...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક, ઉચ્ચ. માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ
સુરત. જિ.સુરત

ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૯૦૫૭-૯૦૯૦

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૦૭/૦૭/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : લીવીંગ સર્ટિફિકેટમાં હરિજન કે ગિરિજન શબ્દ પર પ્રતિબંધ અંગેના પરિપત્રનો અમલ કરવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગ મારફત મળેલ ઈ-મેઈલ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૨/૧/૧૯૯૯ ના પરિપત્રથી શાળાના લિવિંગ સર્ટિફિકેટમાં હરિજન કે ગિરિજન જેવા શબ્દ પ્રયોજવા નહિ કે લખવા નહિ અને અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની યાદીમાં દર્શાવેલ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ પૈકી જે લાગુ પડતી હોય સંબંધિત હોય તે કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ દર્શાવવી અગર તો અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ તરીકે ઉલ્લેખ કરવા જણાવેલ છે.

જેથી સદર બાબતે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના આ સાથે સામેલ ઉક્ત પરિપત્રનું તથા આ બાબતે વખતોવખત લાગુ પડતા/પ્રસિદ્ધ થતા વિવિધ પરિપત્રો/ઠરાવો/સરકારશ્રીની સૂચનાઓનું યોગ્ય અને ચુસ્ત અમલીકરણ કરવા આપની કક્ષાએથી તમામ શાળાઓને ખાસ સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

Azadi

Gmail

તારીખ : 27/06/2023
નંબર : 40

Director Schools <dosgujarat@gmail.com>

**w: LCમાં ગુજરાત સરકારનું તા.12/01/1999ના રોજ અનુ.જાતિ કે જન જાતિ માટે હરિજન કે ગિરિજન શબ્દ પર પ્રતિબંધ અંગે પરિપત્રનું કડકમાં કડક અમલીકરણ કરવા બાબતે : શાળા છોડ્યા બાદ પણ પરિપત્રના આધારે સુધારા માટે આદેશ આપવા અંગે**

messages

**H K Gohil (GoG-Education Dept.)** <ds-sec-edu@gujarat.gov.in> — Mon, Jun 26, 2023 at 4:44 PM
To: "dosgujarat@gmail.com" <dosgujarat@gmail.com>

---

**From:** Dr. Vinod R. Rao, IAS(GoG-Education Dept.)
**Sent:** 26 June 2023 16:28
**To:** Jayshree P. Devangan, IAS; H K Gohil (GoG-Education Dept.)
**Subject:** Fw: LCમાં ગુજરાત સરકારનું તા.12/01/1999ના રોજ અનુ.જાતિ કે જન જાતિ માટે હરિજન કે ગિરિજન શબ્દ પર પ્રતિબંધ અંગે પરિપત્રનું કડકમાં કડક અમલીકરણ કરવા બાબતે : શાળા છોડ્યા બાદ પણ પરિપત્રના આધારે સુધારા માટે આદેશ આપવા અંગે

Dir,
26.6.23
J.D. Secondary.

---

**From:** Gautam Buchiya <gautambuchiya1@gmail.com>
**Sent:** Monday, June 26, 2023 16:23
**To:** Dr. Vinod R. Rao, IAS(GoG-Education Dept.)
**Subject:** LCમાં ગુજરાત સરકારનું તા.12/01/1999ના રોજ અનુ.જાતિ કે જન જાતિ માટે હરિજન કે ગિરિજન શબ્દ પર પ્રતિબંધ અંગે પરિપત્રનું કડકમાં કડક અમલીકરણ કરવા બાબતે : શાળા છોડ્યા બાદ પણ પરિપત્રના આધારે સુધારા માટે આદેશ આપવા અંગે

```
*****     This mail is from external domain, i.e. not from gujarat.gov.in domain. Kindly open
attachment and link with caution.     *****
```

**પ્રતિ શ્રી,**
**ડૉ.વિનોદ આર. રાવ સાહેબ,(IAS),**
**સચિવ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,**
**ગાંધીનગર**

26/6/2023

**વિષય** : LCમાં ગુજરાત સરકારનું તા.12/01/1999ના રોજ અનુ.જાતિ કે જન જાતિ માટે હરિજન કે ગિરિજન શબ્દ પર પ્રતિબંધ અંગે પરિપત્રનું કડકમાં કડક અમલીકરણ કરવા બાબતે

**સંદર્ભ** : શાળા છોડ્યા બાદ પણ પરિપત્રના આધારે સુધાર માટે આદેશ આપવા અંગે

વંદે માતરમ્ ભારત માતા કી જય.

503
27/6/23

ત ખેદ સાથે જણાવવાનું કે **લિવિંગ સર્ટિફિકેટ (LC)** અટકમાં **હરિજન કે ગિરિજન** શબ્દ **પ્રતિબંધ** હોવા છતાંય પણ આજની તારીખમાં કચ્છ નહિ પણ ગુજરાતની અનેક ળાઓમાં **"હરિજન"** ગેરબંધારણીય શબ્દનો અટકમાં ઉપયોગ થાય છે,તો વિદ્યાર્થી અભ્યાસ રતો હોય છે ત્યારે સોગંદનામા આધારે LCમાં સુધારા વધારા થઇ જાય છે.વિશેષમાં જણાવવાનું ક વિદ્યાર્થીનું અભ્યાસ પૂર્ણ થઇ ગયો હોય અને **શાળા છોડ્યા બાદ** પણ ગુજરાત સરકારના તા.12/01/1999ના રોજ **અનુસૂચિતજાતિ કે જન જાતિ** માટે **હરિજન કે ગિરિજન** શબ્દ પર **પ્રતિબંધ** મૂકતા પરિપત્રના આધારે **અટકમાં** પર્યાપ્ શબ્દનો ઉપયોગ થાય માટે કડકમાં કડક આદેશ આપવામાં આવે તેવી નમ્ર વિનંતી છે.ગુજરાત રાજ્યના અનુ.જાતિ કે જનજાતિ માટે નીચે મુજબ પરિપત્રના આધારે **LC અને માર્કશીટમાં** સુધારા વધાર કરવા માટે ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા ખાસ પરિપત્ર બહાર પાડવા વિનંતી છે.

બિડાણ : ગુજરાત સરકારનું તા.12/01/1999ના રોજ અનુ.જાતિ કે જન જાતિ માટે હરિજન કે ગિરિજન શબ્દ પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર

Best wishes with regards

**GAUTAM BUCHIYA**
**(SCHEDULED CASTE SOCIETY LEADER)**
GEB COLONY
BHUJ -KUTCH, PIN: 370001
GUJARAT-INDIA
**MO**: +916351877367

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

---

**હરિજનપ્રતિબંધgr_12011999.pdf**
2272K

---

**Director Schools** <dosgujarat@gmail.com> Mon, Jun 26, 2023 at 5:14 PM
To: jointdirectors@gmail.com
Cc: pro2-mdms@gujarat.gov.in

[Quoted text hidden]

--
P.S. to Commissioner,
Commissioner of Schools
G.S., Gandhinagar.

---

**હરિજનપ્રતિબંધgr_12011999.pdf**
2272K

-ગ્નો

**અનુસૂચિત જાતિના લોકો માટે હરિજન તથા અનુસૂચિત જનજાતિના લોકો માટે ગિરિજન જેવા શબ્દોનો ઉપયોગ નહી કરવા બાબત.**

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક : એસસીડબ્લ્યુ-૧૦૯૦/૧૪૬૯/ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૧૨-૧-૧૯૯૯

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૧૦-૨-૮૨નો પત્ર ક્રમાંક : બી.સી/૧૨૦૨૫/૪૪/૮૦-એસસી અને બીસીડી-૧/૪

(૨) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયનો (હાલમાં નવું નામ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય) ના ૧૬-૮-૯૦નો પત્ર ક્રમાંક ૧૨૦૨૫/૧૪/૯૦/એસસીડી/(આર.એલ.સેલ)

(૩) સર્વે વિભાગોને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ વિભાગનો તા-૧૮-૩-૯૧નો પત્ર ક્રમાંક : એસસીડબ્લ્યુ ૧૦૯૦/૧૪૬૯/ખ

(૪) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૬-૩-૯૧ નો પત્ર ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૯૦/૧૪૬૯/ખ

(૫) નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર કાર્યપાલક નિયામકશ્રી, ગાંધીનગર તેમજ સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) નો તા. ૪-૫-૯૧ના પત્ર ક્રમાંક : અજન/૧૯૯૧/૩૩૧/ચ

(૬) સચિવાલયના સર્વે વિભાગો અને સમાજ કલ્યાણ વિભાગ હેઠળના ખાતાના વડાની સર્વે કચેરીઓને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૬-૬-૯૧ નો પત્ર એસસીડબ્લ્યુ-૧૦૯૦-૧૪૬૯/ખ.

પરિપત્ર :-

ભારત સરકારના ગૃહ મંત્રાલયે આમુખમાં જણાવેલ તા. ૧૦-૨-૮૨ના પત્રથી અને તે સમયના કલ્યાણ મંત્રાલયે (હાલમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય) આમુખમાં જણાવેલ તા. ૧૬-૮-૯૦ ના પત્રથી કેટલીક સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ છે. ખાસ કરીને ઉપરોક્ત મંત્રાલયોએ અનુસૂચિત જાતિના લોકો માટે હરિજન શબ્દોનો અન અનુસૂચિત જનજાતિના લોકો માટે ગિરિજન શબ્દોનો ઉપયોગ નહી કરવા અંગેની સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ છે. ભારત સરકારના ઉપરોક્ત પત્રોની નકલો સચિવાલયના સર્વે વિભાગોને વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓને તેમજ અન્ય કચેરીઓને, આમુખમાં જણાવેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૮-૩-૯૧ના તા. ૨૬-૩-૯૧, અને તા. ૪-૩-૯૧ અને તા. ૨૬-૬-૯૧ના પત્રોથી મોકલી આપીને ભારત સરકારના ઉપરોક્ત પત્રોમાં જણાવેલ વિગતે સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું જણાવવામાં આવેલ છે.

૨ ભારત સરકારના ઉપરોક્ત પત્રોમાની સૂચનાઓના આધારે, વિગતવાર સુચનાઓ બહાર પાડવાની બાબત કેટલાક સમયથી રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી આ અંગે કાળજી પૂર્વકની પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) ગુજરાત સરકારના તમામ વહીવટી વિભાગો તથા તેમના હસ્તકની તમામ વહીવટી કચેરીઓ (બોર્ડ તથા નિગમ સહિત) તથા તમામ શાળાઓ કોલેજો (સરકારી તેમજ બિન સરકારી ) તમામ યુનિવર્સિટી વગેરેના રેકર્ડમાં જયાં હરિજન શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને અનુસૂચિત જાતિ અને ગિરિજન શબ્દ પ્રયોજાયેલ હોય તેના સ્થાને અનુસૂચિત જનજાતિ શબ્દનો પ્રયોગ કરવો.

(૨) મહાનગરપાલિકાઓ, નગર પાલિકાઓ તથા ગ્રામ પંચાયતના રેકર્ડમાં તથા અન્ય મહેસુલી રેકર્ડમાં પણ ઉપર મુજબ સુધારો કરવો.

(૩) ભારત સરકારે સને ૧૯૭૬ના સુધારા અધિનિયમથી દરેક રાજ્ય તથા સંઘ પ્રદેશ માટે અનુસુચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિની યાદી બહાર પાડેલ છે. ગુજરાત રાજ્ય માટેના અનુસૂચિત જાતિની યાદીમાં દર્શાવેલ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિઓને હાલમાં હરિજન તરીકે ઓળખવામાં આવતા હોય કે તે મુજબ સંબોધન કરવામાં આવતું હોય તો તેને બદલે હવેથી અનુસૂચિત જાતિ (Scheduled Caste) તરીકે ઓળખવામાં આવે એજ પ્રમાણે ગુજરાત રાજયને લગતી અનુસૂચિત જનજાતિની યાદીમાં દર્શાવેલ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિઓને હાલમાં ગિરિજન તરીકે ઓળખવામાં આવતી હોય કે તે મુજબ સંબોધન કરવામાં આવતું હોય તો તેને બદલે હવેથી અનુસૂચિત જનજાતિ (Scheduled Tribe) તરીકે ઓળખવામાં આવે તેમજ કરવામાં આવે તેમજ સંબોધન કરવામાં આવે.

(૪) ગુજરાત રાજ્ય માટેની અનુસૂચિત જાતિ તથા જનજાતિની યાદીમાં દર્શાવેલ કોઇ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિના ઈસમને શાળા

પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અનુસૂચિત જાતિના ઈસમ માટે હરિજન અને અનુસૂચિત ના ઈસમ માટે ગિરિજન જેવા શબ્દો પ્રયોજવા કે લખવા નહીં પરંતુ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની યાદીમાં કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ પૈકી જે કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ લાગુ પડતી હોય સંબંધિત હોય/તે કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ દર્શાવવી અગર ુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ તરીકે ઉલ્લેખ કરવો.

(૫) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ ના ઈસમને જાતિ પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીશ્રીઓએ જાતિ પ્રમાણપત્રમાં રિજન/ગિરિજન જેવા શબ્દોનો ઉલ્લેખ કરવો નહીં પરંતુ અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ ની યાદીમાંની કોઈ જાતિ કે બંધિત ઈસમને લાગુપડતી. સંબંધિત હોય તે જાતિનો ઉલ્લેખ કરવો દાખલા તરીકે વણકર જાતિના એક ઈસમને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું હોય, તો પ્રમાણપત્રમાં જાતિના કોલમમાં વણકર દર્શાવવું.

એ જ પ્રમાણે ઢોડિયા જાતિના એક ઈસમને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું હોય, તો પ્રમાણપત્રમાં જાતિના કોલમમાં ઢોડિયો દર્શાવવું.

(૬) આ પરિપત્ર બહાર પાડવામાં આવે તે તારીખ પહેલા જે ઈસમોએ શાળા છોડ્યાના પ્રમાણપત્ર મેળવી લીધા હોય અને એ ઈસમોના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં હરિજન/ગિરિજન શબ્દનો ઉલ્લેખ થઈ ચૂકેલ હોય તો તેવા ઈસમોને અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તરીકેના પ્રમાણપત્ર આપવાના બાધ રાખવો નહીં પરંતુ પ્રમાણપત્રમાં અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ શબ્દનો ઉલ્લેખ કરવો દા. ત. એક ઈસમના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં હરિજન બાવા તરીકેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ઈસમને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું પરંતુ પ્રમાણપત્રમાં અનુસૂચિત બાવા એવો ઉલ્લેખ કરવો. આ મુદ્દા પુરતી સૂચના અંગે વિશેષ સ્પષ્ટતા માટે સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૩-૧૦-૯૮ ના સરકારી ઠરાવ ક્રમાંક : પસ્ચ/૧૦૯૨/૩૦૨/હ/ની જોગવાઈ વંચાણમાં લેવા વિનંતી કરવામાં આવે છે.

૩. આ પરિપત્ર રોજ બરોજના વ્યવહારમાં અને સરકારી પત્રવ્યવહારમાં હરિજન/ગિરિજન શબ્દો નહીં વાપરવા માટે છે પરંતુ પરિપત્રથી અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિના ઈસમો માટે બંધારણ અને અન્ય વૈધાનિક જોગવાઈમાં વપરાયેલા શબ્દો પર્યાયો અને તે અન્વયે તેઓને મળવાપાત્ર થતા લાભોને કોઈ વિપરિત અસર થશે નહીં.

૪. ઉપરોક્ત સૂચનાઓનો અમલ ચૂસ્તપણે થાય તે માટે સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ વગેરેને આથી ભાર પૂર્વક વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
(વી. એમ. પરમાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યામ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,